No. of Printed Pages : 5 **FGT-01**

# BDP – Bachelor's Degree Programms

## Term-End Examination

## Dec., 2021

### FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 Hours* *Maximum Marks: 50*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 5 **એફજીટી – 01**

## બીડીપી – બેચલર્સ ડિગ્રી પ્રોગ્રામ્સ (સ્નાતક પદવી કાર્યક્રમો)

## ટર્મ–એન્ડ એક્ઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

## ડિસેમ્બર 2021

## એફજીટી – 01 : ગુજરાતીમાં ફાઉન્ડેશન કોર્સ (આધારભૂત અભ્યાસક્રમ)

સમય : *2* કલાક મહત્તમ અંક : 50

---

**નોંધ :** 1. આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યાં છે.

**2.** બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

---





1. નીચેના વિષયો પૈકી ગમે તે એક વિષય પર નિબંધ લખો. 8

(a) લુપ્ત થતી લેખનકળા

(b) દરિયા કિનારે એક સાંજ

(c) કુદરતી પ્રકોપ – લાચાર માનવ

(d) ગૃહઉદ્યોગ

2. નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. 8

(a) એકતા અને વિવિધતાનો સમન્વય કઈ રીતે સાધવાનું લેખક સૂચવે છે?

(b) સિગરામમાં વેઠવા પડેલા અપમાનનો પ્રતિકાર ગાંધીજીએ કઈ રીતે કર્યો?

(c) એકાંકી 'કડલાં' શીર્ષકની યથાર્થતા જણાવો.

(d) અનુવાદમાં કઈ બે બાબતોની સજ્જતા હોવી જરૂરી છે?

(e) પ્રદૂષણના વિકટ પ્રશ્નો માટે કોણ કારણભૂત છે તે સ્પષ્ટ કરો.

(f) કઈ બાબત માટે રાઈ નિત્ય જોખમ ખેડવા તૈયાર છે?

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો. 4

(i) સુમેરમાં આડી, ઊભી અને ત્રાંસી રેખાઓથી બનેલાં લિપિચિહ્નોને ——————— તરીકે ઓળખવામાં આવે છે. (બ્રાહ્મી અક્ષર, ખરોષ્ટી અક્ષર, કીલાક્ષર)

(ii) પ્લાસ્ટિક માટેનાં મૂળ દ્રવ્યો ——————— માંથી મળે છે. (વનસ્પતિ, પથ્થર, પેટ્રોલિયમ)

(iii) લેખકના મત મુજબ આજનું પત્રકારત્વ આપણી ————————— નષ્ટ કરી રહ્યું છે. (નીતિમત્તા, લાજ–શરમ, સંવેદનશીલતા)

(iv) વ્યક્તિ સ્વાતંત્ર્ય સમાજની અંદર ——————— સ્વરૂપે પ્રગટ થાય છે. (નેતૃત્વ, હકક, ફરજ)

(b) સમાસનો વિગ્રહ કરી તેને ઓળખો. 4

(i) ગ્રામપંચાયત

(ii) પૂર્ણાહુતિ

(iii) રામલક્ષ્મણ

(iv) કુમકુમતિલક

4. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંકનોંધ લખો. 6

(a) રંગકો

(a) ભાષામાં રૂઢિપ્રયોગો

(a) ગુલબ્બોનું વ્યક્તિચિત્રણ

5. ગુજરાતી વ્યંજનો અને તેનાં સ્થાનો દર્શાવો. 6

6. કોઈ પણ બે કહેવતો સમજાવો. 4

(a) પોથીમાંના રીંગણાં

(b) દુકાળમાં અધિક માસ





(c) પંચ ત્યાં પરમેશ્વર

7. નીચે આપેલાં વિધાનો માટે નીચે આપેલાં કારણો પૈકી જે કારણ સાચું હોય તેની સામે આપેલા ખાનામાં ખરાની (√) નિશાની કરો. 4

(a) ચોરો એ કંઈ માટીની દીવાલોનું માત્ર છાપરું નથી, કારણ કે –

(i) માટીની ચાર દીવાલો ઉપરાંત એને બારી–બારણાં, થાંભલા વગેરે પણ હોય છે.

(ii) એ દીવાલો સાથે ગામનો ઇતિહાસ પણ જોડાયેલો હોય છે.

(iii) એ તો શહેરમાં જઈ વસેલા કેટલાક ગામલોકોની સખાવતનું સ્મારક પણ હોય છે.

(b) કયા પદાર્થોના મિશ્રણથી રાસાયણિક શસ્ત્રો બનાવી શકાય એનો ઉલ્લેખ જોવા મળે છે –

(i) કૌટિલ્યરચિત અર્થશાસ્ત્રમાં

(ii) ચરકસંહિતામાં

(iii) સુશ્રુતસંહિતામાં

(c) સ્વામી આનંદનું કારણ મળતાં જ લેખક હરદ્વાર પહોંચ્યા, કારણ કે–

(i) ગંગાસ્નાન માટે તેઓ ખૂબ જ આતુર હતા.

(ii) પોતે હરદ્વારમાં ગંગાસ્નાનની બાધા રાખી હતી.

(iii) હરદ્વારમાં સ્વામી આનંદ મળશે જ એવી તેમને ખાતરી હતી.

(d) સારા અનુવાદનો માપદંડ એ છે કે તે વાંચનારને –

(i) પોતે અનુવાદ વાંચે છે એમ લાગવું જોઈએ.

(ii) પોતે મૂળ કૃતિ વાંચે છે એવો ભાવ થવો જોઈએ.

(iii) પોતે પણ એવું લખી શકે એવો આત્મવિશ્વાસ જગાવી શકે.

8. નીચેનાં કથનો સમજાવો. 6

(a) "પંચ તે વ્યક્તિ નથી, તે તો ગ્રામ–સમસ્તના ડહાપણના પ્રતિનિધિ છે."

(b) "ભારતીય સંસ્કૃતિ વનોના પારણામાં ઊછરી છે."

(c) "માનવશરીર એક રાસાયણિક કારખાનું છે."